પંચાયતી રાજના નવસર્જન માટે કોંગ્રેસને મત આપવા ભરતસિંહ સોલંકીની અપીલ

જનતા જનાર્દન મતદાન થકી કોંગ્રેસને આશીર્વાદ આપશે તેઓ ભરતસિંહ સોલંકીએ વ્યક્ત કરેલો મક્કમ વિશ્વાસ

અમદાવાદ, તા.૨૮

લોકશાહીમાં પંચાયતી રાજનું ખાસ મહત્વ છે. રાજ્યની ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૦ તાલુકા પંચાયત અને ૫૬ નગરપાલિકાની ચૂંટણી આવતીકાલે ૨૯મી નવેમ્બરને રવિવારે યોજાનાર છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ ગુજરાતના પંચાયતી રાજના નવસર્જન માટે જનતા જર્નાદન મતદાન થકી કોંગ્રેસને આશીર્વાદ આપશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ પંચાયતી રાજનો હિમાયતી રહ્યો છે. પ્રજાના હાથમાં પંચાયતી રાજ સોંપવા પાછળ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનો ઉદ્દેશ્ય એવો હતો કે, લોકો પોતે જ પોતાના ગામ, તાલુકા, જિલ્લા અને શહેરનું વહીવટી તંત્ર ચલાવે અને પાયાની માળખાકીય સુવિધા ઉભી કરી શકે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં અસરકારક વહીવટ થાય અને પ્રજાના પાયાના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે કોંગ્રેસ પક્ષ કટિબદ્ધ રહેશે. ગુજરાતની જનતા જર્નાદનને ભરોસા સાથે ખાતરી આપું છું કે કોંગ્રેસનું શાસન પંચાયતો અને નગરપાલિકામાં આવશે તો દરેક ચૂંટાયેલા સભ્યની જવાબદારી નક્કી કરાશે અને તે માટે મોનિટરિંગની વ્યવસ્થા પણ ગોઠવાશે. કોંગ્રેસ પક્ષ પંચાયતી રાજના નવસર્જન થકી મધ્યમવર્ગ, મહિલાઓ, યુવાનો, ખેડૂતો, શ્રમિકો, પિડીતો, વંચિતો ઉપરાંત એસસી, એસટી અને ઓબીસી સમુદાય સહિત સર્વપ્રજાજનોની સુખાકારી અને સમૃદ્ધિ માટે સતત પ્રયત્નશીલ રહ્યો છે. પંચાયતી રાજના નવસર્જન માટે કોંગ્રેસ પક્ષે ૨૦ મુદ્દાના સંકલ્પ સાથે ઢંઢેરો જાહેર કર્યો છે તેના અમલીકરણને અગ્રતા આપશે. ગુજરાતના પંચાયતી રાજના નવસર્જન માટે સર્વ મતદાર ભાઈઓ અને બહેનો પોતાનો કિંમતી અને પવિત્ર મત આપીને કોંગ્રેસને પક્ષને વિજયી બાવશે તેવો વિશ્વાસ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખે વ્યક્ત કર્યો છે.

પંચાયતમાં બે જુદા-જુદા ઈવીએમથી મતદાન થશે

બન્ને સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીની માટે મતદાન મથકને બે અલગ-અલગ ઈવીએમ મુકાશે : મતદારોમાં ઉત્સુકતા

અમદાવાદ, તા.૨૮

પંચાયતોની ચુંટણીમાં બે અલગ-અલગ ઈવીએમથી આવતીકાલે મતદાન કરવામાં આવશે. મહાનગરપાલિકાની ચુંટણીની જેમ ચાર નહીં બે ઈવીએમમાં વોટ આપવાની જરૂર રહેશે.

પંચાયતની ચુંટણીમાં ઈવીએમમાં રજીસ્ટર બટનને ડિલીટ કરવાનો નિર્ણય કરાયો છે.છ મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતદાન વખતે ચારેય મત આપ્યા બાદ તે રજિસ્ટર કરવા વોટિંગ મશીનના નીચેના ભાગમાં આપવામાં આવતું બટન પ્રેસ કરવાનું હતું જ્યારે જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં માત્ર એક જ મત આપવાનો હોવાથી માત્ર કોઇ એક જ ઉમેદવારના નામ ચિન્હ સામેનું બટન દબાવી મત આપી દેતા જ મત રજિસ્ટર થઇ જશે. મત આપ્યા બાદનું રજિસ્ટર બટન વોટિંગ મશીનમાં રાખવામાં નહીં આવે. રાજયની છ મહાનગરપાલિકાઓની ગત રવિવારે યોજાયેલી ચૂંટણી દરમિયાન વોટિંગ મશીનમાં મતદારે ૪ મત આપવના હતા, જેથી મતદાર મતદાન મથક ખાતે જઇ બુથમાં રાખવામાં આવેલા વોટિંગ મશીનમાં ૪ ઉમેદવારને મત આપી શકતો હતો, પરંતુ જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીમાં મહાનગરપાલિકાની ચૂંટણી કરતા મતદાન માટે અલગ વ્યવસ્થા રહેશે.

જિલ્લા-તાલુકા પંચાયત બંને અલગ અલગ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે જેથી બંનેના પ્રતિનિધિ પણ અલગ હોવાથી તેમને ચૂંટવા માટે એક જ મશીન રાખી શકાય નહીં. આ સંજોગોમાં ગ્રામીણ વિસ્તારોના બૂથમાં જિલ્લા પંચાયતના પ્રતિનિધિ અને તાલુકા પંચાયતના પ્રતિનિધિને ચૂંટવા માટે બે ઈવીએમ રખાશે. જિલ્લા પંચાયત માટેના વોટિંગ મશીનમાં અને તાલુકા પંચાયત માટેના વોટિંગ મશીનમાં જુદા-જુદા ૧-૧ મત આપવા પડશે.

મતદાન દ્વારા વિકાસની ગતિને તેજ કરવા માટે આનંદીબેનની અપીલ

સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીના એક દિવસ પહેલાં તમામને કરેલો અનુરોધ ગુજરાતના જન-જનમાં વિકાસ માટેની આગવી ઉત્કંઠા જાગી હોવાનો દાવો

અમદાવાદ, તા.૨૮

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગુજરાતના વિકાસપ્રેમી રાષ્ટ્રભક્ત મતદાર ભાઈ-બહેનોને શાંતિપૂર્ણ અને મોટી માત્રામાં મતદાન કરી ગુજરાતના ગૌરવને પ્રસ્થાપિત કરવા અનુરોધ કર્યો છે અને સૌને હાર્દિક અપીલ કરી છે. ગુજરાત રાજ્ય આજે વિકાસની વણથંભી કૂચ કરી રહ્યું છે. ગુજરાતના જન-જનમાં વિકાસ માટેની આગવી ઉત્કંઠા જાગી છે. રાજ્યની સરકાર આ ઉત્કંઠાને વિવિધત્તમ યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા સંતોષી રહી છે. સૌનો સાથ, સૌનો વિકાસ મંત્રને વાસ્તવિકતામાં સરકાર સાકાર કરી રહી છે. સૌનો સહયોગ ગુજરાતના આ વિકાસ માટેના મહાન પવિત્ર કાર્યમાં મળી રહ્યો છે. સૌના સહિયારા પુરુષાર્થના પરિણામ થકી જ ગુજરાત એ સમગ્ર રાજ્યમાં એવોર્ડની વણથંભી વણઝારનું પ્રતિક બન્યું છે. ગુજરાત રાજ્યની આ વણથંભીકૂચને અવરોધનારા ગુજરાત વિકાસ વિરોધીઓને આજે લોકતંત્રના મહાન ચૂંટણી પર્વે પરાસ્ત કરવા સૌ મતદારોને આહવાન કરું છું. આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, વિકાસનો વિરોધ કરવો, અસત્યને ઉછાળી સમાજને ગુમરાહ કરવો જેની ઓળખ બની ગઈ છે તે કોંગ્રેસને મતદારો ફરીથી ગુજરાતમાં હારનો સ્વાદ ચખાડી સત્યને જીતાડશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો છે. ગુજરાત ગાંધી-સરદાર-દયાનંદ સરસ્વતીની ભૂમિ છે. દેશહિતને

પ્રાધાન્ય આપતા અનેક મહાનુભાવોની આ ભૂમિ છે. આ ભૂમિની એકતા એ સૌની પ્રગતિનો માર્ગ રહ્યો છે. આ માર્ગ જ આપણો વિકાસ છે તે બાબતને પણ સૌ મતદાનમાં પ્રતિબિંબિત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેઓએ નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના મતદાનના પર્વે ગુજરાતના સૌ આગવી સૂઝ ધરાવતા મતદાર ભાઈ-બહેનો, યુવા, મહિલા, કિસાન, ગ્રામવાસી, નગરવાસી, સાગરખેડૂ, વનબંધુ, શ્રમજીવી, ગરીબ, અનુસૂચિત જાતિ અને જન-જનનું હિત જેને હૈયે વસેલુ છે તે ભાજપના ચૂંટણી નિશાન કમળ સામેનું બટન દબાવી ગુજરાતની દેશ-દુનિયામાં શાખ વધારે પ્રબળ બનાવવા અનુરોધ કર્યો છે.

સાતમા પગાર પંચની ભલામણો સ્વિકારાશે તો કરોડોનો બોજ

વાર્ષિક ૩૭૦૦ કરોડનો વધારાનો બોજ પડશે : ભારણને પહોંચી વળવા નવા કરવેરા ઝિંકાય તેવી પણ સંભાવનાઓ

ગાંધીનગર, તા.૨૮

સાતમા પગાર પંચને અમલી બનાવવાની હિલચાલ ચાલી રહી છે ત્યારે નિષ્ણાંતોનો અભિપ્રાય છે કે જો પંચની ભલામણોને સ્વિકારી લેવામાં આવશે તો ગુજરાતની તિજોરી ઉપર કરોડોનો બોજ આવશે. વાર્ષિક ૩૭૦૦ કરોડનો વધારાનો બોજ પડશે. આર્થિક ભારણને પહોંચી વળવા માટે નવા કરવેરા ઝિંકવા પડે તેવી પણ શક્યતા છે.ગુજરાત સરકારે કેન્દ્ર સરકારને અનુસરવાની પ્રથા સ્વીકારી હોવાથી ટૂંક સમયમાં ગુજરાત સરકાર પણ તેના અમલીકરણની જાહેરાત કરી શકે છે. કેન્દ્રમાં આખરી કાર્યવાહી શરૂ થયા પછી ગુજરાત સરકાર તેને અનુસરે તેવી શક્યતા છે. ગુજરાત સરકારના નાણાં વિભાગના સૂત્રના જણાવ્યા મુજબ સરકારી કર્મચારીઓના પગારમાં ૩૫ ટકા જેટલો વધારો થશે, જેથી ગુજરાત સરકારના બજેટ પર પણ ભારણ વધશે. હાલમાં ગુજરાતમાં લગભગ રૂપિયા ૧૭૫૦૦ કરોડનો ખર્ચ પ્રતિવર્ષ પગાર માટે થાય છે. સાતમાં પગારપંચ મુજબના પગારના ખર્ચમાં પેન્શનરોને અપાતા પેન્શનરની ગણતરી કરવામાં આવે તો રાય સરકાર પર વાર્ષિક ૩૭૦૦ કરોડનો ખર્ચ વધવાનો અંદાજ નીકળે છે, જેથી હજારો કરોડનો બોજ રાય સરકારની તિજોરી પર વધશે, હાલમાં પેન્શન ખર્ચ ૨૫ હજાર કરોડ છે. વર્ષ ૨૦૧૬-૧૭ના બજેટમાં સાતમાં પગારપંચના સૂચિત વધારાના કારણે થનારા ખર્ચની જોગવાઈ કરવાની અત્યારથી તૈયારી શરૂ થઇ ગઈ હોવાનું જાણળા મળેછે. જોસાતમાંપગારપંચની ભલામણો સ્વીકારવામાં વિલંબ થાય, તો સરકારની તિજોરી પર એરિયર્સનો એકી સાથે બોજ આવી શકેછે, જે પરિસ્થિતિ નિવારવા સાતમાં પગારપંચની ભલામણોને માન્ય રાખીને કેન્દ્ર સરકાર લાગૂ કરે કે તરત જ તેને ગુજરાતમાં પણ લાગૂ કરી દેવાની તૈયારીઓ થઈ રહી હોવાનું સૂત્રો જણાવે છે. રાજ્ય સરકાર માટે આ વધારાનો બોજ વહન કરવા વધારાની આવક મેળવવાના કયા પગલા લેવા, તે પડકારરુપ બનવાનું છે. એક તરફ ગુજરાત વિધાનસબાની ચૂંટણીઓ વર્ષ ૨૦૧૭માં આવી રહી છે, ત્યારે ટેક્સમાં વધારો કરવો એ રાજકીય ગણતરીએ યોગ્ય નહીં હોય, તો બીજી તરફ વધારાનો ખર્ચ ખાદ્ય ઉભી કરે, તો પણ રાજ્યના અર્થતંત્ર માટે યોગ્ય નહીં ગણાતા જો કે, જીએસટી પંચ થઈ જાય, તો પણ રાજ્ય સરકાર માટે આવકના નવા સાધનો ઉભા કરવા પડકારરુપ હશે, તેવામાં આવતા વર્ષે રાજ્ય સરકાર અને નાણામંત્રી કેવા પગલા ભરે છે તે જોવાનું રહે છે.

રાષ્ટ્રપતિની સુરક્ષા : આગામી અઠવાડીયે ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અમદાવાદ ખાતે ગુજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારોહમાં હાજરી આપવા આવનાર છે તેને પગલે સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરાઈ રહી છે.

મોડાસા નગરપાલિકા ચૂંટણી વોર્ડ નં. ૩માં ભાજપ ઉમેદવારોમાં થનગનાટ

૪ બેઠકો માટે ૧૪ ઉમેદવારો વચ્ચે જંગ : ચતુષ્કોણીય જંગમાં ભાજપ તરફી વાતાવરણ

મોડાસા, તા. ૨૮

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના મતદાન માટે દિવસ જેમ જેમ નજીક આવી રહ્યા છે તેમ તેમ રાજ્ય પક્ષોના ઉમેદવાર મતદારોનું મન કળવા અનેક રીતે પ્રયાસો કરતા હોય છે. પરંતુ મતદારો સ્પષ્ટ અભિપ્રાય આપવાના બદલે ગર્ભિત રીતે પોતાનો જોક કઈ તરફ છે તે દર્શાવતા હોય છે.

મોડાસા નગરપાલિકાની ચૂંટણી આ વખતે રાજકીય પક્ષો માટે અગ્નિ પરીક્ષા સમાન જણાઈ રહી છે. આ વખતની ચૂંટણી નવા સિમાંકન પ્રમાણે યોજાઈ રહી છે. ત્યારે નગરપાલિકા વિસ્તારના કુલ ૯ વોર્ડ પૈકીના વોર્ડ નં. ૩માં ચતુષ્કોણીય ખેલાશે. આ ચૂંટણી જંગ ૪ બેઠકો પર કબજો કરવા ભાજપ કોંગ્રેસના ૪-૪ ઉમેદવારો તો સી.પી.એમ.ના ૩ ઉમેદવારો અને અપક્ષ તરીકે ૩ ઉમેદવારોએ છેલ્લા કેટલાક દિવસોથી મતદારોને રીઝવવા અનેક પ્રકારે પ્રયાસો આદર્યા છે. વોર્ડ નં. ૩ માં ૫ હજારથી વધુ મતદારો મતદાન કરીને પોતાના પ્રતિનિધિઓ ચૂંટવાના છે. ત્યારે આ મતદારોનો જોક ભાજપ તરફી દેખાઈ રહ્યો છે. તાજેતરમાં જ ગુજરાતી ફિલ્મના સુપરસ્ટાર નરેશ કનોડીયાની જાહેરસભા સર્વોદયનગર વિસ્તારમાં યોજાઈ હતી. જેમાં ઉપસ્થિત મેદનીએ ગર્ભિત રીતે પોતાના જોક ભાજપ તરફી હોવાનું દર્શાવી દીધુ હતુ. વળી ઉમેદવારો પણ ડોર ટુ ડોર અને તમામ મતદારોને પ્રત્યક્ષરૂપે મળી રહ્યા હોવાથી ભાજપના ઉમેદવારોમાં થનગનાટ વધી ગયો છે. આમ હાલની સ્થિતિ જોતા જ વોર્ડ નં. ૩માં ભાજપ તરફી વાતાવરણ જોવા મળતા અન્ય વોર્ડના ઉમેદવારોમાં પણ નવુ જોમ દેખાઈ રહ્યું છે. ભાજપ ૪ ઉમેદવારો પૈકીના એક મહિલા અને એક પુરૂષ ઉમેદવાર પૂર્વ કોર્પોરેટર રહી ચુક્યા હોવાથી તેઓની કાર્ય પદ્ધતિ અંગે પણ સંપૂર્ણ રીતે જાણકાર મતદારોને વિશ્વાસ હોય એમ દેખાઈ રહ્યું છે. તો અન્ય બે ઉમેદવારો પણ શહેરના પ્રતિષ્ઠિત પરિવારના હોવાથી તેઓને પણ મતદારોનો સંપૂર્ણ ટેકો મળી રહેશે.

વિસનગરના તમામ બુથ અતિ સંવેદનશીલ જાહેર કરાયા

ગાંધીનગર, તા.૨૮

વિસનગર નગરપાલિકાની ચુંટણીમાં તમામ બુથને અતિ સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે તમામ સ્થળો ઉપર અર્ધલશ્કરી દળના જવાનો તૈનાત રહેશે. વિસનગરમાં આવતીકાલે નગરપાલિકાના નવ વોર્ડની ૩૬ સીટો માટે ચૂંટણી યોજાનાર છે જેમાં ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ સહિત અપેક્ષાએ ભેગા મળી બનાવેલ વિકાસમંચના ઉમેદવારોએ જોરશોરથી પ્રચાર કર્યો હતો જ્યાં શુક્રવારે સાંજે પ્રચાર પડઘમ શાંત પડી જતાં વહીવટીતંત્ર દ્વારા ચૂંટણીની કામગીરી આરંભી દેવામાં આવી છેજેમાં આગામી ચૂંટણીમાં નગરપાલિકાના તમામ ૫૬ બુથ અતિસંવેદનશીલ જાહેર કરાયા છે. અગાઉની ચૂંટણીઓમાં શહેરના તમામ બુથોને અતિ સંવેદનશીલ જાહેર કરાયા હોવાનું જાણવા મળ્યું નથી. આ અંગે ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી વીજી રોરના જણાવ્યા પ્રમાણે હાલના માહોલમાં ન્યાયીક અને નિષ્પક્ષ ચૂંટણી કરવા માટે લોકોમાં વિશ્વાસ જગાડવો જરૂરી છે. અતિસંવેદનશીલથી પોલીસબળ વધુ મળતું હોય છે અને મતદારોમાં અવિશ્વાસની ભાવના ન ઉભી થાય તેમજ ભય કે રોકટોક વગર મતદાન કરી શકે તે માટે તમામ બુથોને અતિસંવેદનશીલ જાહેર કરાયા છે.

દિવાળી રંગોલી કોન્ટેસ્ટની પ્રથમ વિજેતા બની નિરાલી

૪૦ સ્પર્ધકો વચ્ચે અંતિમ સ્પર્ધા યોજાઈ : બીજા ક્રમાંકે રાજપુરોહિત રીમા અને ત્રીજા ક્રમાંકે કૃતિ અમીન રહી

અમદાવાદ,તા. ૨૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ય્જીઝ મ્છદ્રત્દ્ધ દ્વારા આયોજિત દિવાળી રંગોલી કોન્ટેસ્ટનુ આજે શાનદાર આયોજન કરાયું હતું. GSC BANKની નારણપુરા H.O ખાતે આ રંગોલી કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કોન્ટેસ્ટનો મુખ્ય હેતુ બાળકો અને લોકોમાં રહેલી છુપી કળાને પ્રોત્સાહન આપવાનો હતો. જેને લોકો તરફથી ખૂબ જ સારો આવકાર મળ્યો હતો. આ દિવાળી રંગોલી કોન્ટેસ્ટમાં ભાગ લેવા માટે ૮૦૦થી પણ વધુ એન્ટ્રી મળ્યા બાદ તેમાંથી ધારાધોરણ મુજબ છેલ્લે ૪૦ સ્પર્ધકોની પસંદગી કરવામાં આવી હતી. આજે યોજાયેલ ફાઈનલ રંગોળી કોન્ટેસ્ટમાં પોતાની કળાથી તમામને પ્રભાવિત કરવામાં સફળ રહેલ નિરાલી ઓઝા પ્રથમ વિજેતા તરીકે જાહેર થઈ હતી. જ્યારે રાજપુરોહિત રીમા અને કૃતિ અમિન ક્રમશઃ બીજા અને ત્રીજા ક્રમાંકની વિજેતા જાહેર કરાઈ હતી.

આ રંગોલી કોન્ટ્સેટ્નું આયોજન GSC BANKની સરદાર વલ્લભભાઈ પટેલ સહકાર ભવન, નારણપુરા આવેલી H.O ખાતે સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી કરવામાં આવ્યું હતું. રંગોળીની પરમિટેડ સાઈઝ 2x2 અથવા 3x3 નક્કી કરવામાં આવી હતી. કલાના ક્ષેત્રમાં ઉલ્લેખનીય સિદ્ધી મેળવી ચુકેલા જજની પેનલ દ્વારા વિજેતાની પસંદગી કરવામાં આવી હતી. જજની પેનલમાં એમએફ હુસૈન, એસએચ રઝા, કેજી સુબ્રહમણ્યમ, મનજીત બાવા, અમિત અંબાલા જેવા જાણિતા આર્ટિસ્ટો અને અન્ય ઘણા કલાકારો સાથે ગ્રાફિક સ્ટુડિયોમાં કામ કરી ચુકેલા અને વડોદરાની એમએસ યુનિવર્સિટીથી ફાઈનઆર્ટ્સમાં ગ્રેજ્યુએટ થયેલા અનિલ રેલિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. કળાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર ક્રિએટીવ આર્ટિસ્ટ ભેરવી મોદી અને નબીબક્ષ મનસુરી પણ રંગોલી કોન્ટેસ્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમમાં બેંકના ચેરમેન શ્રી અજય પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આજે યોજાયેલ ફાઈનલ રાઉન્ડમાં વિજેતા થનાર નિરાલી ઓઝા, રાજપુરોહિત રીમા અને કૃતિ અમીનને ટ્રોફી સહિત આકર્ષક ઈનામ આપવામાં આવ્યા હતા.સાથે સાથે વિજેતા બનનારની યાદી બેંકના ફેસબુક પેજ ઉપર પણ અપલોડ કરવામાં આવી છે.

૨૮ બેઠકો માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્ર દ્વારા મતદાન માટે આજે તમામ મતદાન મથકો પર પોલિંગ પાર્ટીઓ રવાના કરી દેવાઈ છે અને સાંજે પાંચ વાગ્યાથી આ તમામ પાર્ટીઓએ મતદાન મથકનો કબ્જો પણ સંભાળી લીધો છે.

જિલ્લામાં ૩૫૯ મતદાન મથકો સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ છે. નગરપાલિકા માટે ૯૩ મતદાન મથકો સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ છે. જિલ્લા પંચાયત માટે ૭૯૫ મતદાન મથકો બનાવાયા છે. જ્યારે નગરપાલિકા માટે ૧૫૭ મતદાન મથકો બનાવાયા છે.

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં થાય તેમજ કોઈ પ્રશ્નો મતદાર યાદીને લઈ ના થાય તે માટે તંત્રએ રાજકીય પક્ષો સાથે બેઠકો પણ બે થી ૩ કરી છે. જિલ્લા કક્ષાએ પણ એક ખાસ કંટ્રોલરૂમ ઉભો કરવામાં આવ્યો છે.

ગત ચૂંટણી કરતાં આ વખતે મતદાન વધુ થશે તેવો આશાવાદ રાજકીય પક્ષો રાખી રહ્યા છે. જિલ્લામાં આ વખતે જાહેર પ્રચાર ઓછો પણ ડોર ટુ ડોર કેમ્પેઈન અને ગ્રૂપ બેઠકોનું આયોજન છવાયેલ રહ્યુ છે. જિલ્લામાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ, શ્રી પુરૂષોત્તમ રૂપાલા, શ્રી હરિન પાઠકે ભાજપ તરફથી તો વિપક્ષી નેતા શ્રી શંકરસિંહ વાઘેલા, પ્રદેશ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકી, શ્રી બાબુજી ઠાકોર, શ્રી અમીતભાઈ ચૌધરી, શ્રી નીશીત વ્યાસ, શ્રી હિમાંશુ પટેલ, શ્રી બળદેવજી ઠાકોર તથા શ્રી સી.જે. ચાવડા સહિતના આગેવાનોએ સભાઓ સંબોધી હતી.

ખાસ મતદાન મથક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધુ મતદારો નોંધાયેલા છે. જિલ્લામાં સૌથી નાનો મતદારોની દૃષ્ટિએ વિસ્તાર ઝુંડાલ છે જ્યાં ૧૯ હજારથી વધુ મતદારો નોંધાયેલા છે.

જિલ્લામાં આ સ્થાનિક સ્વરાજ્યની જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૩૨ મહિલા ઉમેદવારોએ ઝુકાવ્યુ છે. જિલ્લામાં પંચાયતની ૨૦ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાશે જ્યારે ૮ બેઠકો પર ત્રિકોણીય અને એક બેઠક પર ચતુષ્કોણીય જંગ ખેલાશે.

જિલ્લા પંચાયતની ૨૯ બેઠકો માટેના આ ચૂંટણી જંગમાં પંચાયતના ત્રણ પૂર્વ પ્રમુખોએ ઝુકાવ્યુ છે જે ત્રણેય મહિલા પ્રમુખો છે અને ત્રણેય પૂર્વ પ્રમુખો ત્રિકોણીય જંગ લડી રહ્યા છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પાંચ હજારથી વધુ કર્મચારીઓને ચૂંટણી વિષયક કામગીરી સોંપવામાં આવી છે. જ્યારે પોલીસદળ ઉપરાંત એસઆરપી, એસ.આર.પી.એફ. અને પેરા મિલટરીની કંપની પણ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાની કામગીરી કરશે.જિલ્લામાં સર્વિસ વોટર્સ પણ નોંધાયેલા છે.

ઠંડી વધી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકદમ સુમસામ થઈ ગયા હતા. દુકાનો પણ વહેલી બંધ થઈ ગઈ હતી.

ડિસેમ્બર માસ શરૂ થતાં પહેલા જ ઠંડીનો ચમકારો સમગ્ર ગુજરાતમાં જોવા મળ્યો છે. જોકે ગાંધીનગરમાં ઠંડીની અસર વધુ જોવા મળી હતી. છેલ્લા બે દિવસ દરમ્યાન જ ઠંડીનો પારો આઠ ડિગ્રી જેટલુ ઘટતા તેની અસર વધુ વર્તાઈ હતી. આજે મહત્તમ તાપમાન ૨૯.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિ.સે. અનુભવાયુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૪૫ ટકા અને સાંજે ૩૦ ટકા રહ્યું હતું.

ગુજરાતમાં જેડટીઈસૉફ્ટના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ માટે શેન્જેન સરકાર ૨૦૦ મિલીયન ડૉલર રોકાણ કરશે

ગુજરાતમાં જેડટીઈસૉફ્ટના સ્માર્ટસિટીપ્રોજેક્ટ માટેશેન્જેન સરકાર ૨૦૦ મિલીયન ડૉલર રોકાણ કરશે. આ વાત ચીનના શેન્જેન સરકારના સીસીપી સ્ટેન્ડિંગ કમીટીના મેમ્બર શ્રી તેંગફૂએ આજે ગાંધીનગરમાં શેન્જેન સરકાર તથા જેડટીઈસૉફ્ટ દ્વારા ૨૮ નવેમ્બરે આયોજિત સંવાદાતા સંમેલનમાં કહ્યું. સંવાદાતા સંમેલનને જેડટીઈસૉફ્ટના સીઈઓ, ઈન્ટરનેશનલ બેન ઝોઉ તથા શ્રી પ્રસૂન શર્મા, મેનેજિંગ ડિરેક્ટર, ભારત તથા દક્ષિણ એશિયા, જેડટીઈસૉફ્ટ દ્વારા સંબોધિત કરવામાં આવ્યું.